સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરોની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

SPIPA
Light the Lamp of Knowledge

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક:સીસપ-તાલીમ/૨૦૧૯-૨૦/પ્રવેશ પરીક્ષા ૨૦૧૮/03/સ્ટડી તારીખ: 03/૦૮/૨૦૧૯

## -:<u>અગત્યની નોટીસ</u>:-

૧. સંસ્થા દ્વારા યુ.પી.એસ.સી ધ્વારા લેવાનાર સિવિલ સર્વિસીઝ પરીક્ષા (IAS, IPS, IFS etc.) – ૨૦૨૦ ની તૈયારી માટેના પ્રશિક્ષણવર્ગ ૨૦૧૯-૨૦ માટેની પ્રવેશ પરીક્ષા જાહેરાત ક્રમાંક: SPIPA/201920/1ની અરજીઓ મંગાવવામાં આવેલ અને તેની પ્રવેશ પરીક્ષાનું તા.૦૪/૦૮/૨૦૧૯, રવિવારના રોજ આયોજન કરવામાં આવેલ, જેને હાલ રાજ્યમાં ચાલી રહેલ અતિભારે વરસાદને પગલે બહોળા વિદ્યાર્થીહિતમાં મોકૂફ રાખવાનો નિર્ણય તા.૦૨/૦૮/૨૦૧૯ના રોજ લેવામાં આવેલ જેની જાણ સંસ્થાની વેબસાઈટ, ઓજસના નોટીસબોર્ડ, વર્તમાન પત્રો, ઉમેદવારોને SMS ના માધ્યમથી એમ શક્ય તમામ પ્રયત્નોથી કરવામાં આવેલ.

૨. હાલમાં પ્રવેશપરીક્ષા મોકૂફ રાખવામાં આવેલ છે તેવા સંજોગોમાં ઉક્ત ફકરાનં.૧ અન્વયે, જે ઉમેદવારોએ ઓજસની વેબસાઈટ પર પોતાની અરજી કન્ફર્મ કરેલ છે પરંતુ ફી ભરેલ નથી, તે પૈકી ઘણા ઉમેદવારોની ટેલીફોનિક/ઈમેઈલ દ્વારા મળેલ રજૂઆતોને ધ્યાને લઈ, વિશાળ હિતમાં તેઓને ખાસ કિસ્સામાં પુન: એક અંતિમ તક આપતાં સંસ્થાની આ અંગેની વિગતવાર જાહેરાતમાં દર્શાવ્યાનુસારની પ્રવેશ પરીક્ષા ફી **<u>ઓજસની વેબસાઈટ પર ભરવાની મુદત તા.૦૬/૦૮/૨૦૧૯ (બપોરે ૦૨.૦૦ કલાકથી) થી તા.૧૪/૦૮/૨૦૧૯ (રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી) સુધી વધારવાનો નિર્ણય લેવામાં આવેલ છે, જે અનુસાર પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતા તમામ કેટેગરીના તમામ ઉમેદવારો કે જેઓની એપ્લીકેશન અગાઉ કન્ફર્મ થયેલ છે અને કોઇ કારણોસર સંજોગોવસાત ફી ભરવાની બાકી રહેલ છે,તેઓએ સત્વરે પોતાની ફી માત્ર ઓનલાઈન મોડમાં જ ઉક્ત સમયમર્યાદામાં ભરવાની રહેશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.</u>** કોઈ નવી અરજી સ્વીકારવામાં આવશે નહિ.

3. ફકરા નં.3 ની વિગતે ઉક્ત સમયગાળામાં ફી ભરનાર ઉમેદવારોના પસંદગીના પરીક્ષાકેન્દ્રનો પ્રેફરન્સ ધ્યાને લેવામાં આવશે નહિ, તેઓને સંસ્થા દ્વારા ફાળવવામાં આવનાર પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા આપવાની રહેશે. જેની સંબંધિત સર્વે ઉમેદવારોએ નોંધ લેવાની રહેશે.

પ્રવેશ પરીક્ષાની નવી <u>સંભવિત</u> તારીખ ૨૫/૦૮/૨૦૧૯, રવિવાર રહેશે. પરીક્ષાની તારીખ અંગે નિર્ણય થયેથી સ્પીપાની વેબસાઈટ અને ઓજસના નોટીસબોર્ડ ઉપર જાણ કરવામાં આવશે.

Sd/
સંયુક્ત નિયામક (સ્ટડી)
સ્પીપા, અમદાવાદ